## કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયા ખાતેના આંબા ફાલના વર્ષ ૨૦૨૩ ના ઈજારાની હરાજીથી વેચાણની શરતો

કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયા ખાતે આંબાફાલ ઉતારી લઈ જવાનો ઈજારો આપવાનો છે, જે માટે રસ ધરાવતા ઇજારદારોએ અત્રેના કેન્દ્ર ખાતે રૂા.૬૦૦/- રોકડા ભરી ટેન્ડર ફોર્મ મેળવવાનું રહેશે. અનામતની રકમ રૂ. ૨૦,૦૦૦/- રાખવામાં આવેલ છે, જેનો ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક 'સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત), કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા' ના નામનો બનાવી તેની સાથે પોતાના ભાવ ટેન્ડર ફોર્મમાં ભરીને બંધ કવરમાં મોડામાં મોડા તા. ૦૩/૦૪/૨૦૨૩ સુધીમાં અત્રેની કચેરીએ રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાના રહેશે. આવેલ ભાવ પત્રકો તા. ૦૫/૦૪/૨૦૨૩ ના દિવસે ૧૦:૩૦ કલાકે ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. ઈજારાની શરતો યુનિવર્સિટીની વેબસાઈડ www.nau.in પર વાંચવા મળશે. અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. હરાજીની અન્ય શરતો નીચે જણાવ્યા મુજબની રહેશે.

૧. કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, પરીયા ખાતેના વિભાગ-૧ થી વિભાગ-૮ ના આંબાના ફાલનો ઈજારો આપવાનો છે.

૨. વર્ષ ૨૦૨૩ની સાલમાં આંબાના ફાલની હરાજી તા. ૦૫/૦૪/૨૦૨૩ના સવારે ૧૦:૩૦ કલાકે યોજાશે અને આંબાના ફાલની હરાજીના ઈજારાની મુદત તા. ૧૫/૦૭/૨૦૨૩ સુધી રહેશે. ઈજારાની મુદતમાં કોઈપણ સંજોગોમાં વધારો કરી શકાશે નહીં.

૩. ઈજારદાર ઈસમ પુખ્ત વયનો હોવો જોઈએ અને અસ્થિર મગજનો હોવો જોઈએ નહીં.

૪. ઈજારદારે અનામતની રકમ સાથે પાનકાર્ડની નકલ ફરજીયાત આપવાની રહેશે.

૫. સંજોગોવશાત જો ઈજારદારે ઈજારો રાખવા ભરેલ રકમ યુનિવર્સિટી સત્તાધિશોના અંદાજ કરતા ઓછી લાગે કે એક કરતાં વધુ ઈસમોની રકમ સરખી હોય વગેરે જેવા સંજોગો ઉપસ્થિત થાય તો નિમણૂંક કરેલ સમિતીનો નિર્ણય આખરી રહેશે.

૬. હરાજીના સમયે આવેલ ટેન્ડર દ્વારા મળેલ ભાવ અંદાજિત ભાવ કરતાં ઓછા જણાશે તો હરાજીના દિવસે અને સ્થળે તે જ સમયે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે.

૭. ઈજારો મંજુર રાખવો કે નહીં તેની સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની રહેશે. વળી હરાજીમાં રાખેલ માલ ઉપર સરકારી કે પંચાયતના કોઈપણ પ્રકારના ટેક્ષ કે વેરા ઈજારદારના શીરે રહેશે.

૮. ઈજારદારે ઈજારાની રકમ નીચેની વિગતે ભરવાની રહેશે.

(અ) હરાજીમાં ભાગ લેવા માટે ટેન્ડર સાથે અનામત પેટેના વિભાગ-૧ થી વિભાગ-૮ ના રૂા. ૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા) અલગથી જમા કરાવવાનાં રહેશે અને તે જ ઈસમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે. જે ઈસમનું ટેન્ડર મંજુર થશે તેની ઉપરોક્ત અનામતની રકમ ઉપરાંત હરાજીની રકમનાં ૧૦% નાણાં ડીડી/રોકડ/ચેકથી તાત્કાલીક જમા કરાવવાનાં રહેશે, જે પણ અનામત પેટે ગણવામાં આવશે. બાકીના ઈજારદાર/ઇજારદારોની અનામત તુર્તજ પરત કરવામાં આવશે. ઈજારો પૂર્ણ થયેથી ફાર્મમાં કોઈ પણ જાતની નુકશાની નહીં થયા બાબતની કેન્દ્રના વડાશ્રીની સંમતિ મળતા અનામતની રકમ ચેક દ્વારા પરત કરવામાં આવશે. અનામતની રકમ પર કોઈ પણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહીં.

(બ) ઈજારો મંજુર થયેથી ઈજારાની પુરેપુરી રકમ તા. ૨૦/૦૪/૨૦૨૩ સુધીમાં બપોરે ૧૨:૦૦ કલાક પહેલા ડીડી/રોકડ/ચેકથી જમા કરાવાના રહેશે. ઈજારાની પુરેપુરી રકમ ભરાયા બાદ જ ઈજારાનો માલ વેડવા દેવામાં આવશે. તેમ છતાં ખાસ કેસ તરીકે ઉપરોક્ત મુદતમાં વધુમાં વધુ ૧૫ (પંદર) દિવસની મુદત વધારી શકાશે અને આવા વધારાના દિવસોનું યુનિવર્સિટીના નીતિ નિયમ પ્રમાણે વ્યાજ ગણી ઈજારાની કુલ રકમ સાથે જ કચેરીમાં ભરવાનું રહેશે. સદરહુ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. ઉપર શરત (૮)માં જણાવેલ રકમ નિયત કરેલી મુદતમાં જમા કરાવવામાં નહીં આવે તો ઈજારો રદ ક આવશે અને આવા કારણોસર નવસારી કૃષિ યુનિવર્સિટીને જે કોઈ નુકશાન થયેલ હશે તે ઈજારદારે ભર કરવાનું રહેશે. આ નુકશાન ઉપરોક્ત અનામતની રકમમાંથી ભરપાઈ કરવા આ સંસ્થા કાયદેસરના પગલા લેવ હકદાર રહેશે અને તેમાં ઈજારદારની કોઈ તકરાર ચાલશે નહીં.

૧૦. શરત નં. ૮(બ) મુજબ જો ઈજારાની પુરેપુરી રકમ સમયસર ભરવામાં નહીં આવે તો ઈજારદારની અનામત જપ્ત કરવામાં આવશે અને ત્યારબાદ સમિતી દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

૧૧. હરાજી સમયે જેણે ઈજારો રાખ્યો હોય તે ઈજારો બીજા કોઈપણ ઈસમ/ઇજારદારને તબદીલ કરી શકાશે નહીં.

૧૨. ઈજારો રાખનારે કચેરી નક્કી કરે તે મુજબની શરતો બંધનકર્તા રહેશે અને તે મુજબનું લખાણ રૂા. ૩૦૦/- ના નોન જ્યુડીશિયલ સ્ટેમ્પ પેપર ઉપર દિન પંદરમાં લખી આપવાનું રહેશે. રૂા. ૩૦૦/- ના નોન જ્યુડીશિયલ સ્ટેમ્પ પેપર ઈજારદારે પોતાના ખર્ચે લાવવાનો અને તેમાં શરતો લખી આપવાની રહેશે.

૧૩. આંબા ફાલની હરાજી થયાની તારીખથી આંબા ફાલ સાચવવાની જવાબદારી મંજુર થયેલ ઈજારદારની રહેશે.

૧૪. ઇજારો રાખનારે તેમના જે મજુરો ફાર્મ ખાતે આવવાના હોય તેમના આધાર કાર્ડની નકલ કેન્દ્રના વડાશ્રીને ફરજીયાતપણે આપવાની રહેશે તેમજ આવા મંજુરોની રહેવાની વ્યવસ્થા ઇજારદારે જાતે કરવાની રહેશે.

૧૫. માલ ઉતારવાનો સમય સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ અને બપોરે ૨-૦૦ થી ૫-૦૦ વાગ્યા સુધીનો રહેશે તે સિવાયના તથા જાહેર રજાના સમયમાં માલ ઉતારવાનો હોય તો જે તે વિભાગના વડાની મંજુરી મેળવવાની રહેશે.

૧૬. આંબાના પરિપક્વ ફળો બેડીની મદદથી ઉતારવાના રહેશે. અપરિપક્વ ફળો તોડતા જોવામાં/જાણવામાં આવશે તો કેન્દ્રના વડાશ્રી તરફથી ફળો ઉતારવાનું અટકાવવામાં આવશે. ડાળીઓ હલાવી કે લાંબા વાંસથી ઝુડીને કે બીજી અન્ય અયોગ્ય પધ્ધતિથી પણ ફળો ઉતારવા દેવામાં આવશે નહીં.

૧૭. ઈજારદારે જે-તે પ્લોટમાંથી ઉતારવામાં આવેલ કેરીનું અલગ અલગ વજન કરી ફાર્મ પરના અધિકારીને નોંધાવવાનું રહેશે.

૧૮. ફાર્મની બહાર ફળો લઈ જવા માટે જે ઝાડોના ફળો ઉતાર્યા હોય તેની ગણતરી કે વજનની નોંધ ફરજિયાત પણે પ્રથમ ગેટપાસમાં કરાવવાની રહેશે. જે વિભાગમાં સંશોધન માટેના અખતરાના ઝાડ છે તે ઝાડોના ફળો સંસ્થાના કર્મચારીની હાજરીમાં જ ઉતારવાના રહેશે અને જો તેમ નહીં કરવામાં આવે તો નુકશાની પેટે અનામતમાંથી વસુલ કરવામાં આવશે.

૧૯. ફળો ઉતારતા કોઈપણ માલ, મકાન, ઝાડપાન વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઈજારદારે રાખવાની રહેશે. ઝાડના લીલા કે સુકા લાકડા તેમજ પાંદડા ઉપર ઈજારદારનો કોઈ પણ હક્ક રહેશે નહીં. કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, પરીયાને કોઈપણ જાતનું નુકશાન થશે તો અને સંસ્થાને વ્યાજબી લાગશે તો તે નુકશાનની રકમ ઇજારદાર પાસેથી વસુલ કરવામાં આવશે. ઈજારદાર કે તેમના માણસોએ સંસ્થાના મુખ્ય દરવાજાએથી જ માલની હેરફેર કરવાની રહેશે.

૨૦. સદરહુ ફાર્મમાં ઈજારદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનિધી રાખવામાં આવે તેના નામ તથા સરનામા ફોટા સહિત કેન્દ્રના વડાશ્રીને લેખિતમાં રજુ કરવાનાં રહેશે. આવા રખેવાળ કે પ્રતિનિધીત્વ ધરાવતા શખ્સનું વર્તન નવસારી કૃષિ યુનિવર્સિટીના હિતને નુકશાન કર્તા જણાશે તો તેવા માણસોને કેન્દ્રના વડાશ્રી તરફથી લેખિત જાણ થશે અને તેજ દિવસે તેને દુર કરવાના રહેશે અને તેવા માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહીં. કેન્દ્રના વડાશ્રીની સંમતિ મેળવ્યા સિવાય ફાર્મ ખાતેના કોઈપણ મજુરોને ઈજારાદારે પોતાના કામ પર લેવા નહીં.

૨૧. ઇજારો રાખનાર વ્યક્તિ દ્વારા ફાર્મ ખાતે રાખવામાં આવેલ મજુરો દ્વારા લડાઇ-ઝઘડા કે કોઇ અનિચનીય બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી ઇજારો રાખનાર વ્યક્તિની રહેશે.

૨૨. કોઈપણ કુદરતી આફત અથવા કોઈ બીજી આસમાની સુલતાનીથી હરાજી કરેલા ઝાડના ફાલને કોઈપણ નુકશાન થશે તો તેની કોઈપણ જવાબદારી સંસ્થા કે યુનિવર્સિટીની રહેશે નહીં.

૨૩. ઈજારદાર શરત નં. ૧ માં જણાવેલ વિભાગોમાંના આંબા સિવાયના કોઈપણ ફળઝાડ પરથી ફળો ઉતારી શકશે નહીં. આ શરતનો ભંગ થયેથી શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

૨૪. કોઈપણ રોગવાળા ઝાડના પાન કે નડતર ઝાડના પાન કે ડાળી કાપવામાં આવે કે તેના ઉપર દવાનો છંટકાવ કરવામાં આવે તો ઈજારદાર વાંધો લઈ શકશે નહીં.

૨૫. જુદી જુદી જાતોના કરવામાં આવેલ સંકરણના તમામ ફળો તેમજ અખતરાના અને જુદી જુદી જાતોના ફળોના લેબોરેટરી ટેસ્ટ તેમજ પ્રદર્શન માટે જરૂરિયાત અનુસાર દરેક જાતોના ૧૦-૧૦ ફળો ઈજારદારે વિના મુલ્યે યુનિવર્સિટીને આપવાના રહેશે. આવા દરેક ફળોનું વજન અને સંખ્યા નોંધાવવી પડશે.

૨૬. જે ઝાડો ઉપર સંકરણના પ્રયોગ કરવામાં આવે છે તેમજ કલમો બાંધવામાં આવે છે તેને નુકશાન ન થાય કે બગાડ ન થાય તેની તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. જો તેવું નુકશાન થયેલ જણાશે તો શરત નં. ૮ (અ) મુજબ અનામતની રકમમાંથી વસુલાત કરવામાં આવશે.

૨૭. સંસ્થા કે ફાર્મ જે ઝાડ પસંદ કરે તેના ઉપર કલમો બાંધવા દેવાની રહેશે. જેમાં ઈજારદાર કોઈપણ જાતનો વાંધો લઈ શકશે નહીં અને તેનું વળતર પણ આપવામાં આવશે નહીં તેમજ આવું વળતર મેળવવા ઈજારદાર હક્કદાર પણ નથી.

૨૮. કોઈપણ સંજોગોમાં કેન્દ્ર ખાતે કેરી પકવવા માટે કેલ્શીયમ કાર્બાઈડનો તથા તેના જેવા રાસાયણિક પદાર્થોનો ઉપયોગ કરી શકાશે નહિ.

૨૯. યુનિવર્સિટીના સત્તાધિશો તરફથી સંજોગોવશાત ઉપરોક્ત શરતોમાં કોઈપણ ફેરફાર કરવા પડે તો તે માન્ય રાખવા પડશે અને તે અંગે કોઈ તકરાર ચાલશે નહીં.

30. આ શરતો અંગેની કોઈપણ જાતની તકરાર, મુશ્કેલી કે મતભેદ ઉભો થાય તો તે અંગે નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી જે નિર્ણય કે ચુકાદો આપવામાં આવે તે ઈજારદારે માન્ય રાખવો પડશે.

પરીયા
તા. ૧૩/03/૨૦૨૩

(signature)
સંશોધન વૈજ્ઞાનિક (બાગાયત)
કૃષિ પ્રાયોગિક કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
પરીયા-૩૯૬ ૧૪૫

પ્રતિ
સંશોધન નિયામકશ્રી,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

(signature)
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

## નવસારી કૃષિ યુનિવર્સિટી

## આંબા ફાલ હરાજીની જાહેરાત

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના જુદા જુદા કેન્દ્રો ખાતેથી આંબાનો ફાલ ઉતારી લઈ જવાનો ઈજારો આપવાનો છે. રસ ધરાવતી પાર્ટીઓએ નીચે જણાવેલ કેન્દ્રના અલગ અલગ ઈજારા માટેજે તે કેન્દ્ર ખાતે રૂા. ૬૦૦/– રોકડા ભરી ટેન્ડર ફોર્મ મેળવવાનું રહેશે.

| અ. નં. | ફાર્મનું નામ | અનામતની રકમ (₹) | અનામત સાથે ભાવપત્રક ભરવાની તારીખ | હરાજીની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક બાગાયત સંશોધન કેન્દ્ર, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ૧૫,૦૦૦ | ૦૧/૦૪/૨૦૨૩ | ૦૩/૦૪/૨૦૨૩ |
| ૨ | ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, અસ્પી બાગાયત મહાવિદ્યાલય, નવસારી | ૧૦,૦૦૦ | ૦૧/૦૪/૨૦૨૩ | ૦૩/૦૪/૨૦૨૩ |
| ૩ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કોલેજ ફાર્મ, નકૃયુ, નવસારી | ૨૦,૦૦૦ | ૦૧/૦૪/૨૦૨૩ | ૦૩/૦૪/૨૦૨૩ |
| ૪ | ઈન્સ્ટ્રકશનલ ફાર્મ, પીસીપી, નકૃયુ, નવસારી | ૨,૦૦૦ | ૦૧/૦૪/૨૦૨૩ | ૦૩/૦૪/૨૦૨૩ |
| ૫ | સંશોધન વૈજ્ઞાનિક, જળ અને જમીન વ્યવસ્થાપન એકમ, નવસારી | ૫,૦૦૦ | ૦૧/૦૪/૨૦૨૩ | ૦૩/૦૪/૨૦૨૩ |
| ૬ | બાગાયત પોલીટેકનીક, નકૃયુ, નવસારી | ૫,૦૦૦ | ૦૧/૦૪/૨૦૨૩ | ૦૩/૦૪/૨૦૨૩ |
| ૭ | મુખ્ય શેરડી સંશોધન કેન્દ્ર, નકૃયુ, નવસારી | ૨,૦૦૦ | ૦૧/૦૪/૨૦૨૩ | ૦૩/૦૪/૨૦૨૩ |
| ૮ | કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નકૃયુ, નવસારી | ૨,૦૦૦ | ૦૧/૦૪/૨૦૨૩ | ૦૩/૦૪/૨૦૨૩ |
| ૯ | કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા | ૨૦,૦૦૦ | ૦૩/૦૪/૨૦૨૩ | ૦૫/૦૪/૨૦૨૩ |
| ૧૦ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વઘઈ | ૨,૦૦૦ | ૦૬/૦૪/૨૦૨૩ | ૧૦/૦૪/૨૦૨૩ |
| ૧૧ | હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, નકૃયુ, વઘઈ | ૫,૦૦૦ | ૦૬/૦૪/૨૦૨૩ | ૧૦/૦૪/૨૦૨૩ |
| ૧૨ | મુસા ફાર્મ, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, નકૃયુ, વ્યારા | ૧૦,૦૦૦ | ૧૧/૦૪/૨૦૨૩ | ૧૨/૦૪/૨૦૨૩ |
| ૧૩ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વ્યારા | ૧૦,૦૦૦ | ૧૧/૦૪/૨૦૨૩ | ૧૨/૦૪/૨૦૨૩ |
| ૧૪ | કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, ભરૂચ | ૫,૦૦૦ | ૧૩/૦૪/૨૦૨૩ | ૧૫/૦૪/૨૦૨૩ |
| ૧૫ | કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, ડેડીયાપાડા | ૨,૦૦૦ | ૧૩/૦૪/૨૦૨૩ | ૧૫/૦૪/૨૦૨૩ |
| ૧૬ | કપાસ સંશોધન પેટા કેન્દ્ર, નકૃયુ, અછાલીયા | ૫,૦૦૦ | ૧૩/૦૪/૨૦૨૩ | ૧૫/૦૪/૨૦૨૩ |

અનામતની રકમનો ડીમાન્ડ ડ્રાફટ / ચેક જે તે કેન્દ્રના ડીડીઓના નામ સાથે પોતાના ભાવ ટેન્ડર ફોર્મમાં બંધ કવરમાં ઉપરમાં જણાવેલ જુદા જુદા કેન્દ્રોના અનામત સાથે ભાવપત્રક ભરવાના તારીખના રોજ કચેરી સમય સુધીમાં ઉપરોકત કચેરીઓને રૂબરૂ કે ટપાલથી પહોંચતા કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો જે તે કેન્દ્રના હરાજીની તારીખના દિવસે નિયત કરેલા સમયે ઈજારદારોની હાજરીમાં જે તે કેન્દ્રના ફાર્મ ખાતે ખોલવામાં આવશે. ઈજારાની શરતો જે તે કેન્દ્રના ફાર્મ ખાતે તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.nau.in પર વાંચવા મળશે. અનામત રકમ વગરના ટેન્ડર ગ્રાહય રાખવામાં આવશે નહિ.

મંજુર

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી